# પાણી-ગટર વેરા વસુલાત અન્વયે વળતરનો લાભ લેવા તંત્રની અપીલ

### જોડાણકર્તાઓને આગામી ૩૧ માર્ચ સુધી વળતરનો લાભ અપાશે

ગાંધીનગર તા ૮

શહેરમાં હાલ પાણી ગટર વેરાની વસુલાત હાથ ધરવામાં આવી છે. વર્ષ ૨૦૨૦-૨૧ ને અનુલક્ષી તંત્ર દ્વારા એડવાન્સ વેરા વસુલાત કરવામાં આવી રહી છે. જયારે આગામી તા ૩૧ માર્ચ સુધી વેરો ભરપાઈ કરનાર જોડાણકર્તાઓને ખાસ વળતર પણ આપવામાં આવી રહ્યુ છે. જયારે વળતરની આ યોજનાનો લાભ લેવા માટે પણ પાટનગર યોજના વિભાગે જોડાણકર્તાઓને અપીલ કરી છે. શહેર તેમજ શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગ્રામજનોને પણ સમયસર વેરો ચુકવી દેવા અપીલ કરવામાં આવી છે. વેરા વસુલાતના મામલે તંત્રના ચોપડે માટી ઉધારી પણ છે.

શહેરમાં સમગ્ર દેશમાં માથાદીઠ સૌથી વધુ પાણીનો વપરાશ થતો હોવાનુ મનાય છે. જયારે સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા ગાંધીનગરમાં વધતી વસ્તી અને વિકાસની સાથે પાણીગટરના જોડાણકર્તાઓની સંખ્યા પણ વધી છે. તંત્ર દ્વારા પાણી ગટર વેરાને અનુલક્ષી પ્રતિવર્ષ એડવાન્સ વેરા વસુલાત ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. ગત ફેબ્રુઆરી મહીનામાં વેરાના બીલનુ વિતરણ કરી દેવાયા બાદ હાલ વેરો વસુલવા માટે ઝુંબેશ શરૂ કરી દેવામાં આવી છે. જયારે વેરા વસુલાત અન્વયે તા ૩૧ માર્ચ સુધી જોડાણકર્તાઆને ખાસ વળતર પણ ચુકવાશે. પાટનગર યોજના વિભાગના પેટા વિભાગ નં-૧૦ના નાયબ કાર્યપાલક ઈજનેરના જણાંવ્યા મુજબ શેહરના સે-૧૪ થી ૩૦ માં તેમજ શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ પાલજ, બાસણ અને બોરીજ ફતેપુરા અને આદિવાડા ગામમાં તંત્ર દ્વારા પાણીગટર વેરાના બીલ ઘરે ઘરે પહોંચાડવામાં આવે છે. જયારે પાટનગર યોજના ભવનની કચેરીમાંથી પણ જોડાણકર્તાઓને બીલની વિગત મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ત્યારે આ પાણી ગટર વેરાની ઝુંબેશ અન્વયે આગામી તા ૩૧ માર્ચ સુધીમાં વેરો ચુકવી વળતરનો લાભ લેવા માટે પણ અપીલ કરવામાં આવી છે.





ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રજત જયંતિ વર્ષની ઉજવણી નિમિત્તે વર્ષ દરમિયાન વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જયારે વર્ષના અંતે સંસ્થાએ રંગોત્સવની ઉજવણીનુ આયોજન કરવામાં આવ્યુ છે. કલ્ચરલ ફોરમ આયોજિત રંગોત્સવની ઉજવણીના પ્રથમ દિવસે જાણીતી ગાયિકા કીંજલ દવેએ વિવિધ ગુજરાતી ગીતો રજુ કરી શ્રોતાઓના દીલ જીતી લીધા હતા. ગણેશ સ્તુતિ વંદના સાથે કાર્યક્રમની શરૂઆત કરી વિવિધ ધાર્મિક અને દેશભક્તિના ગીતો રજુ કર્યા હતા. ગુગલ ધુપ અને કપુરની સુગંધથી મહેંકતા એન્ટી બેકટેરીયલ વાતાવરણ વચ્ચે ઈન્ફોસીટીની હરિયાળી લોનમાં મોટી સંખ્યામાં નગરજનોએ જાણીતી ગાયિકા કીંજલ દવેના સ્વરે વૈવિધ્યસભર ગીતો માંણ્યા હતા. સૌરાષ્ટ્રથી ઉત્તર ગુજરાત સુધીના વિસ્તારમાં પ્રચલિત ગીતો રજુ કર્યા હતા. આ તબક્કે કીંજલ દવેએ અત્યંત જાણીતુ ચાર બંગડી.. વાળી ગાડી .. નુ ગીત રજુ કરી શ્રોતાઓને ડોલાવ્યા હતા. હેલારોના ફીલ્મની જાણીતી ગીત રચનાઓ પણ રજુ કરી હતી. હોળીના પર્વની પુર્વ સંધ્યાએ કાર્યક્રમમાં ઉપસ્થિત ગાંધીનગરના મેયર રીટા બેન પટેલ તેમજ કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ પણ વિશ્વ મહીલા દિવસ અને રંગોત્સવની શુભેચ્છા પાઠવી હતી.

# એપ્રોચ ફોરટ્રેક કરવાની યોજના અન્વયે રીક્ષા સ્ટેન્ડની જગ્યા નિયત કરવા માંગ

### સેકટરોના એપ્રોચ પાસે રીક્ષા માર્ગ વચાળે જ ઉભી રહી જાય છે : મુખ્યમાર્ગો પર રીક્ષા સ્ટેન્ડનો અમલ થતો નથી : માર્ગ સલામતી સામે જોખમ

ગાંધીનગર તા ૮

શહેરમાં સ્માર્ટ સીટીને અનુરૂપ રોડનેટવર્ક વિકસાવવા માટે પણ તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જેમાં સેકટરોના રીંગ રોડની સાથે સેકટરોના એપ્રોચ માર્ગને પણ ફોરટ્રેક બનાવવા માટેની યોજના હાથ ધરવામાં આવશે. આ દરમિયાન સેકટરોમાં રીક્ષા સ્ટેન્ડની જગ્યા નિયત થાય તે માટે પણ ખાસ આયોજન કરવાની અનિવાર્યતા છે. સેકટરોના એપ્રોચ પાસે માર્ગ વચાળે ઉભી રહેતી રીક્ષાઓ માર્ગ સલાતમીની દ્રષ્ટીએ જોખમી પુરવાર થઈ હોવાના અનેક દાખલા છે. ત્યારે ફોરટ્રેકની યોજના અન્વયે આ તરફ ખાસ ધ્યાન અપાય તેવી પણ માંગ ઉઠવા પામી છે.

શહેરમાં સ્માર્ટ સીટી અન્વયે નગરના મુખ્યમાર્ગો સિકસલેન કરી દેવાયા છે. જયારે હાલ ગ માર્ગનુ કામ પણ ચાલી રહ્યુ છે. જયારે સેકટરોમાં રીંગ રોડને પણ ફોરલેન કરવા માટે પણ આયોજન કરાયુ છે. આ ઉપરાંત તમામ સેકટરોના એપ્રોચ રસ્તાને પણ ફોરટ્રેક કરવા માટે આગામી દિવસોમાં કામગીરી હાથ ધરાશે. પરંતુ રોડ નેટવર્કને અપગ્રેડ કરતી વેળાએ આનુસંગિક બાબતોને પણ ધ્યાને લેવામાં આવે તે અનિવાર્ય હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. અગાઉ માર્ગોને અપગ્રેડ કરતી વેળાએ ફુટપાથ માટે જગ્યા ખુલ્લી મુકી તે મુજબ આયોજન કરાયુ હતુ. પરંતુ હાલ ટ્રાફિક સિગ્નલ અસ્તિત્વમાં આવ્યા બાદ નવા પ્રશ્નો ઉભા થયા છે. અલબત્ત સિગ્નલને અનુરૂપ રોડ નેટવર્ક ન હોવાથી સેકટરોને જોડતા ઉભા રસ્તાઓ પર માર્ગ સલામતી જોખમી બની છે. જયારે બીજીતરફ વોક વેનુ નિર્માણ કરાયુ ત્યારે પણ રીક્ષા સ્ટેન્ડ માટે કોઈ ખાસ આયોજન ન થતા હાલ પણ માર્ગ વચાળે રીક્ષાઓ ઉભી રહેતી નજરે પડે છે. જેના લીધે માર્ગ સલામતી જોખમાઈ છે. સેકટરોના એપ્રોચ રસ્તા પાસે પણ રીક્ષાઓ સ્ટેન્ડ થયેલી જોવા મળે છે. જેથી સેકટરવાસીઓને નજીકમાંથી જ રીક્ષાની સવારી મળી રહે જયારે હવે સેકટરોના એપ્રોચ ફોરટ્રેક કરવા માટે આયોજન હાથ ધરાયુ છે. ત્યારે સેકટરોના એપ્રોચને ફોરટ્રેક બનાવવા માટે રીક્ષા સ્ટેન્ડના આયોજનને પણ ધ્યાને લેવામાં આવે તેવો સુર પણ ઉઠવા પામ્યો છે. વોક વે આસપાસ વધતી દબાણની સમસ્યાની સાથે રીક્ષાઓ પણ ગમે ત્યાં ઉભી રહી જતા માર્ગ સલામતી જોખમાતી હોવાનો આક્રોશ પણ સ્થાનિકો વ્યકત કરી રહ્યા છે.



હોળી-ધૂળેટીનો રંગ જાણે પ્રકૃતિને પણ લાગ્યો છે. પાનખર બાદ નવા પર્ણોનો સાજ-શણગાર ધરીને બેઠેલા વૃક્ષોમાં પર્ણો સાથે રંગબેરંગી ફૂલો બેસતા સમગ્ર વાતાવરણ ઉલ્લાસમય બન્યુ છે. ફૂલો પણ જાણે એકબીજા પર વિવિધ રંગોની છોળો ઉડાડતા હોય તેમ રંગબેરંગી લાગી રહ્યા છે. પ્રકૃતિ સાથે તહેવારોની ઉજવણી શાનદાર લાગી રહી છે.

# શહેરમાં આજે હોળી પર્વની ઉજવણી કરાશે

### સત્યના વિજય અને સામાજિક સમરસતાના હોળી પર્વની માટે શહેરીજનો ઉત્સુક

ગાંધીનગર તા ૮

સત્યના વિજય અને સામાજિક સમરસતાનુ પર્વ આજે હોળી ...સત્યના વિજય સાથે જોડાયેલા આ પર્વની ઉજવણીને અનુલક્ષી નગરજનોમાં વિશેષ ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. ભકત પ્રહલાદ અને સત્યના વિજયનુ વિશેષ મહત્વ ધરાવતા આ પર્વની ઉજવણી પણ કાંઈક વિશેષ રીતે જ થાય છે. ધર્મ સત્ય ,સામાજિક સમરસતા, આરોગ્ય અને પર્યાવરણ સાથે સંકળાયેલા આ પર્વની ઉજવણી માટે સેકટરોની શેરીએ શેરીએ તૈયારીઓ કરી દેવામાં આવી છે.વનતંત્ર દ્વારા જલાઉ લાકડાનુ પણ વિતરણ કરાયુ છે.જયારે પર્યાવરણને અનુલક્ષી સેકટરોમાં અલગ અલગ જગ્યાએ નહી પરંતુ એક જ જગ્યાએ હોળી દહન થવુ જોઈએ.હોળી દહન વેળાએ તેમાં છાણ , ધાણી, દાળિયા, શ્રીફળ હોમવામાં આવે છે. જયારે હોળીદહનમાંથી ઉઠતો ધુમાડો બ્રહ્માંડમાં પ્રસરતા વાતાવરણ પણ નિરોગી બને છે. હોળીનુ પર્વ સમાજને અનેક સંદેશો આપે છે. જયારે પર્યાવરણ બચાવોના અભિગમ સાથે પ્રકૃતિ પ્રેમીઓ પણ અનેકરીતે પ્રયાસરૂપ છે.સામાજિક સમરસતા , આરોગ્ય અને પર્યાવરણની સાથે જોડાયેલા આ પર્વનુ ધાર્મિક તેમજ સામાજિક રીતે વિશેષ મહત્વ છે. આ પર્વની ઉજવણી સાથે આધ્યાત્મિક તેમજ સામાજિક હીતો પણ જોડાયેલા છે. સત્યનો હંમેશા વિજય થાય છે. સત્યના રસ્તે જનારને કોઈ નુકશાન કરી શકતુ નથી. હોળી દહન વેળાએ તેમાં ધાણી, દાળિયા અને શ્રીફળ જેવી ખાદ્યસામગ્રી પણ હોમવામાં આવે છે. છાણા પણ હોમાય છે. જેમાંથી ઉઠતો ધુમાડો વાતાવરણમાં શુધ્ધિ લાવે છે. જેના લીધે વાતાવરણમાં રોગિષ્ટ તત્વોનો નાશ કરે છે.

● અનુસંધાન પાન-૭ પર





મનુષ્ય હોવા છતાં મહિલાઓને તેમના હકો માટે હંમેશા ઉગ્ર લડત ચલાવવી પડી છે. ઘરની બહાર નીકળી કામ કરવુ હોય, હોલમ્પિકમાં ભાગ લેવો હોય કે મતદાનનો હક મેળવવો હોય મહિલાઓને સમાનતા માટે પુરૂષ સમાજની સામે પડવુ પડ્યું છે. ભારતથી લઈને છેક અમેરિકા સુધી સમાન હકો માટે મહિલાઓને લાંબી લડત ચલાવવી પડી તે આપણી કમનસીબી છે. પુરૂષ પ્રધાન સમાજમાં મહિલાઓને હીન દ્દષ્ટિથી જોવાની માનસિકતા હજુ આપણે ત્યાં બદલાઈ નથી. ઉચ્ચ શિક્ષણ મેળવવા છતાં મહિલાઓ સામેના અત્યાચારના કેસ સતત વધી રહ્યા છે. મહિલાઓ કોઈપણ ભય વિના મુક્ત રીતે હરીફરી શકે તેવા સમાજની રચના આજના સમયની તાતી જરૂરીયાત બની ગઈ છે. મહિલાઓને સમાન તકો મળે અને તેમના અસ્તિત્વનો સ્વીકાર ખુલ્લા દિલથી થાય તે માટે સમગ્ર વિશ્વમાં આઠમી માર્ચે મહિલા દિનની ઉજવણી કરવામાં આવે છે. ગાંધીનગરમાં વિવિધ સ્થળોએ અલગ અલગ પ્રકારે મહિલા દિનની ઉજવણી કરી તેમને સન્માનવામાં આવી હતી તેની તસ્વીરી ઝલક અત્રે પ્રસ્તુત છે.

# જિલ્લામાં ૧૨૯ બાળકોને ગંભીર બિમારી

### હૃદયની બિમારી ધરાવતા ૯૦, કિડનીના ૨૯, કેન્સરની બિમારીના ૬ બાળકો અને થેલેસેમીયાથી પિડાતા ૪ બાળકો મળ્યા : ૪ બાળકો શાળાને લઈ માનસિક તનાવ અનુભવતા મળ્યા, ૪૦ હજાર બાળકોને સ્થળ પર જ સારવાર આપવામાં આવી

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાંથી ૧૨૯ બાળકો ગંભીર બિમારીથી પિડાતા મળી આવ્યા છે. જેમાં નેવુ બાળકોને હૃદયની, કિડનીની બિમારી ધરાવતા ૨૯, કેન્સરની બિમારી ધરાવતા ૬ અને થેલેસીમીયાથી પિડાતા ૪ બાળકોનો સમાવેશ થાય છે. તાજેતરમાં સંપન્ન થયેલા શાળા આરોગ્ય ચકાસણીના જે તારણો બહાર આવ્યા છે તે ચોંકાવનારા છે. આરોગ્યતંત્ર પણ આ તારણોનો અભ્યાસ કરી રહેલ છે.

જિલ્લામાં શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ અંતર્ગત ૩,૨૬,૬૬૯ બાળકોને ચકાસવામાં આવ્યા હતા. જેમાંથી ૪૦ હજારથી વધુ બાળકોને સ્થળ પર જ સારવાર આપવામાં આવી હતી. તબીબી અધિકારીઓ દ્વારા ૧૯૪૬ બાળકોને સંદર્ભસેવા માટે મોકલી આપવામાં આવ્યા હતા. જેમની નિષ્ણાતો દ્વારા તપાસ પણ થઈ ચુકી છે.

પાંડુરોગ અને આંત્રકૃમિની બિમારીથી પીડાતા બાળકો ૧૮ હજારથી વધુ છે. દાંતની બિમારીથી પિડાતા બાળકોની સંખ્યા ૬૮૩૫ છે. આંખની બિમારી ધરાવતા બાળકોની સંખ્યા ૨૯૯૯, નાક-કાન-ગળાની બિમારી ધરાવતા બાળકોની સંખ્યા ૨૧૨૩ જણાઈ છે. પેટના દર્દની બિમારી ધરાવતા બાળકોની સંખ્યા ૧૭૫૫, ચામડીની બિમારી ધરાવતા બાળકોની સંખ્યા ૨૭૩૧ છે. શરીરની સ્થુળતા ધરાવતા ૧૦૨ બાળકો તપાસમાં મળી આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# તાપમાનમાં ચડાવ-ઉતાર સાથે વાયરલ ફીવરના દર્દીઓ વધ્યા

### દિવસે ગરમી અને રાત્રે ઠંડી જેવી બેવડી ઋતુમાં સરદી, ખાંસી, તાવના દર્દીઓથી દવાખાનાઓ ઉભરાય છે

ગાંધીનગર, તા. ૮

લૉ પ્રેશરના કારણે વાતાવરણમાં આવેલા ફેરફારને કારણે હાલમાં બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. દિવસે ગરમી અને રાત્રે ઠંડીના કારણે વાયરલ ફીવરના દર્દીઓ વધી રહ્યા છે.

ગાંધીનગરના ચાર-પાંચ દિવસ અગાઉ વાતાવરણમાં ફેરફાર થયો હતો. લૉ પ્રેશરના કારણે વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધી ગયુ હતુ. ભેજનું પ્રમાણ વધ્યા બાદ આકાશમાં વાદળો ઘેરાઈ આવ્યા હતા અને મોડી સાંજે કમોસમી ઝાપટુ પણ પડ્યુ હતુ. કમોસમી વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક ખૂબ જ વધી ગઈ હતી. પવનની ગતિ પણ તેજ થઈ ગઈ હતી. વાતાવરણમાં આવેલા આ પલ્ટાની અસર હજુ વર્તાઈ રહી છે. પવનની ગતિ હજુ વધારે છે. દિવસે ગરમી ખૂબ પડે છે અને તડકો પણ વધુ અનુવાય

# ભાજપ ત્રીજા ઉમેદવાર તરીકે અપક્ષને સમર્થન કરી જંગ જમાવશે

### રાજ્યસભાની ચૂંટણીને લઈ પાટનગરના રાજકીય વાતાવરણમાં ઉત્તેજનાઓ

ગાંધીનગર, તા. ૮

રાજ્યસભાની ચૂંટણીમાં ભાજપ ત્રીજા અપક્ષ ઉમેદવારને સમર્થન કરે તેવી શક્યતાઓના સ્પષ્ટ સંકેત સાથે પાટનગરના રાજકીય પ્રવાહો ઉત્તેજીત બની વહેતા જોવા મળ્યા છે.

ભાજપના ત્રણ સભ્યો રાજ્યસભામાંથી નિવૃત્ત થઈ રહ્યા છે તો કોંગ્રેસના એક સભ્ય નિવૃત્ત થઈ રહ્યા છે. ૨૬મી માર્ચે આ રાજ્યસભાની ચાર બેઠકો માટે જંગ ખેલાવાનો છે.

ભાજપ ત્રીજા ઉમેદવારને સીધો મેદાનમાં ઉતારવાને બદલે અપક્ષ ઉમેદવારનું સમર્થન કરશે તેવા સંકેતો મળી રહ્યા છે. જોકે બન્ને પક્ષો દ્વારા હજુ ઉમેદવારોની પસંદગી અંગે પત્તા ખોલવામાં આવ્યા નથી.

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com